૨

વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેના સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોના કર્મચારીઓના ઉચ્ચક વેતનમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: મકમ/૧૨૨૦૨૨/૩૭૭૧૪/અ.
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૧/૦૪/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ ક્રમાંક:બીસીએચ/૧૦૬૭/૩૭૦૮(૬૯)/જ. તા૨૨/૦૫/૧૯૬૯

(૨) સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: પવછ-૧૫૮૬-મ-૩૦૭(૧)-ગ, તા.૦૮/૧૦/૧૯૮૭

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:છતલ/૧૦૧૬/૭૦૦૭૦/ગ, તા.૪/૩/૨૦૧૭

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૩૧/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક વિજાક/છતલ/સા.શૈ.પ.વ./૨૦૨૧-૨૨/૫૯

આમુખ:

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૩) પરના તા.૦૪/૦૩/૨૦૧૭ના વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેના સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોના કર્મચારીઓના ઉચ્ચક વેતનમાં વધારો કરવામાં આવેલ છે. ઉક્ત ઉચ્ચક વેતનદરમાં વધારો કરવા માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા વંચાણે લીધા ક્રમાંક-(૪) પરના તા.૩૧/૦૧/૨૦૨૨ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરની દરખાસ્ત અન્વયે પુખ્ત વિચારણાના અંતે વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેના સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોના કર્મચારીઓના નીચેના પત્રકમાં કોલમ-૩માં દર્શાવેલ હાલના ઉચ્ચક વેતનદરમાં પત્રકના કોલમ-૪માં દર્શાવ્યા મુજબનો સુધારો કરવા અંગેની રૂ.૭૩૮.૧૮ લાખની ચાલુ બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(પાછળ

| ક્રમ | કર્મચારીનો હોદ્દો અને લાયકાત | હાલનો વેતનદર તા.૪/૩/૨૦૧૭થી અમલમાં (માસિક) | સુધારેલ વેતનદર (રૂ.) |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | નોન એસ.એસ.સી. ગૃહપતિ/ગૃહમાતા | ૫૫૦૦/- | ૯,૦૦૦/- |
| ૨ | એસ.એસ.સી.પાસ ગૃહપતિ/ગૃહમાતા | ૫૫૦૦/- | |
| ૩ | એસ.એસ.સી. પાસ અને પી.ટી.સી. અથવા એસ.એસ.સી. પાસ અને છાત્રાલયના ગૃહપતિ તરીકે પાંચ વર્ષનો અનુભવ | ૫૫૦૦/- | |
| ૪ | સ્નાતક ગૃહપતિ | ૬૫૦૦/- | ૧૦,૦૦૦/- |
| ૫ | સ્નાતક અને ગૃહપતિ તરીકેનો પાંચ વર્ષનો અનુભવ અથવા ટ્રેઇન્ડ સ્નાતક | ૬૫૦૦/- | |
| ૬ | મુખ્ય રસોયા | ૩૫૦૦/- | ૬૦૦૦/- |
| ૭ | મદદનીશ રસોયા | ૩૦૦૦/- | ૫૦૦૦/- |
| ૮ | ચોકીદાર | ૩૦૦૦/- | ૫૦૦૦/- |

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના અંતર્ગત કર્મચારીઓના વેતનનો વધારો તા.૦૧/૦૪/૨૦૨૨ થી લાગુ પડશે. જે અન્વયે એપ્રિલ માસના વેતન વધારાનું ચૂકવણું મે માસમાં કરવાનું રહેશે.

(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ યોજનાને C.M. Dash Board સાથે Link કરવાની રહેશે.

(૧૦) સોશિયો ઇકોનોમીક ઈમ્પેક્ટ ઇવેલ્યુઅશન/એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૧૧) યોજનામાં લાભાર્થીને આપવામાં આવતાં લાભ માટે DBT પધ્ધતિ અનુસરવાની રહેશે.

૨. સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયના કર્મચારીઓના ઉપર મુજબ સુધારેલ વેતન દર મંજુર કરવામાં આવે છે અને તે વેતનના ૯૦ ટકા પ્રમાણે ગ્રાન્ટ ચુકવવાનું ઠરાવવામાં આવે છે.

૩. સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગના તા.૨૨/૦૫/૧૯૬૯ના ઠરાવ ક્ર:બીસીએચ/૧૦૬૭/૩૭૦૮(૬૯)/જ હેઠળ સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયના નિયમો નક્કી કરવામાં આવ્યા છે. ત્યારબાદ તા.૮/૧૦/૮૭ના ઠરાવ ક્ર: પવછ/૧૫૮૬/મ-૩૦૭(૧)/ગ અને અન્ય ઠરાવોથી સમયાંતરે આ નિયમોમાં સરકારશ્રીએ સુધારા વધારા પણ કરેલા છે. આ તમામ નિયમોને ધ્યાનમાં રાખી સુધારેલ દરે વેતન માટે ગ્રાન્ટ ચુકવવાની રહેશે.

૪. આ અંગે વિકસતી જાતિના છાત્રાલયો માટે નીચેના હેડે ખર્ચ પાડવાનો રહેશે.

માંગણી નંબર-૯૨, મુખ્ય સદર-૨૨૨૫- અનુ. જાતિ/અનુ. આદિજાતિ, અન્ય પછાતવર્ગો અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-03-પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭-શિક્ષણ, પેટા સદર- (૧૧) ઓબીસી-૫ સા.શૈ.પ.વ. માટેની છાત્રાલયો અને આશ્રમશાળાઓ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાયક અનુદાન.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૦૪/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-ર, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.શ.પ. વર્ગોનું કલ્યાણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-ર, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવના અંગત મદદનીશશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. /- સદરહુ ઠરાવને વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- સિલેક્ટ ફાઈલ